IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# ભારતમાં વિમુક્ત સમુદાયની સામાજિક-આર્થિક પરિસ્થિતિ: એક અભ્યાસ

**Research Scholar**

**દેવેન્દ્રકુમાર ગોવિંદભાઈ સોલંકી**

**ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ**

**Abstract**

આ અભ્યાસમાં ભારતના વિમુક્ત સમુદાયની સામાજિક અને આર્થિક સ્થિતિ વિશે જાણી શકાય છે. અંગ્રેજ સાશન દરમિયાન આ સમુદાયને અપરાધી જનજાતિ તરીકે જાહેર કરતા તેમની આર્થિક સ્થિતિ બગડવા લાગી. આ સમુદાય પર લગાડવામાં આવેલ અપરાધી કલંક હટાવ્યા બાદ પણ તેમની સ્થિતિમાં કોઈ ફેરફાર જોવા મળતો નથી. અત્યારના સમયમાં પણ આ સમુદાય અનેક મુશ્કેલીઓનો સામનો કરે છે. આ સમુદાયના લોકોનો સમાવેશ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગમાં તેમનો સમાવેશ કરવામાં આવેલ છે. સરકારી યોજનાઓ પણ આ સમુદાયો માટે કાર્યરત જોવા મળે છે પરંતુ તેઓ અશિક્ષિત હોવાને કારણે તેઓ યોજનાઓના લાભોથી વંચિત રહ્યા છે. આ અભ્યાસ ગૌણ માહિતીના આધારે તૈયાર કરવામાં આવેલ છે.

## ૧) પ્રસ્તાવના:

ભારત દેશમાં વિચરતા અને વિમુક્ત પરિવારોનું સાંસ્કૃતિક સ્થાન ખૂબ અગત્યનું જોવા મળે છે. સમાજમાં તેમનું સારું સ્થાન હતું, તથા તેઓ સફળ કલાકાર તરીકે પણ ઓળખાતા હતા. કોઈ સમુદાય ગામમાં જઈને વસ્તુઓનો વ્યાપાર કરતા હતા, તો કેટલાક પરિવાર પોતાની પ્રદર્શન કલાઓને આધારે લોકોને મનોરંજન પૂરું પાડતા હતા. કેટલાક સમુદાય પશુપાલન સાથે જોડાયેલાં હતા, તો કેટલાક સંગીત અને નૃત્યની દુનિયા સાથે જોડાયેલા હતા. તો બીજા સારા શિલ્પકાર તો કોઇ ઔષધીય જડી-બૂટીયો વિશે જાણીને લોકોને મદદરૂપ બનતા હતા. તેઓ સંદેશાવાહક, વ્યાપારી અને કારોબારીના રૂપમાં પણ પ્રતિષ્ઠિત હતા. જયારે કેટલીક જનજાતિઓ યુદ્ધ કલામાં માહેર હતી. ૧૮૫૭ની ક્રાંતિમાં પણ વિચરતા વિમુક્ત પરિવારોએ હથિયાર બનાવવા તથા અન્ય બાબતોમાં તેમણે ક્રાંતિકારીઓને મદદ કરવામાં વિશેષ ભૂમિકા ભજવી હતી. તેથી અંગ્રેજોએ તેમના પર નજર રાખી અને તેમને પહોંચી વળાય તે માટે આ પરિવારોના વિરોધને ધ્યાનમાં રાખીને ૧૮૭૧મા તેમને અપરાધી જાતિઓ (Criminal Tribes Act, CTA) અસામાજિક તત્વો તરીકે તેમના પર કલંક લાદવામાં આવ્યું.

**અપરાધી જનજાતિ અધિનિયમ, ૧૮૭૧:** માલી ગાંધી જણાવે છે કે ૧૮૭૧ એક્ટનો મુખ્ય હેતુ અપરાધી જનજાતિની પ્રવૃતિઓ પર નજર રાખી ગુનાખોરીને અંકુશમાં રાખવાનો હતો. આ અધિનિયમ ૧૨ ઓક્ટોમ્બર ૧૮૭૧ના રોજ ભારતમા લાગુ કરવામા આવ્યો હતો. ૧૯૪૭મા ભારતીય સ્વતંત્રતા સમયે ૧૨૭ સમુદાયોના ૧૩ લાખ લોકો હતા. જે નિરંતર તપાસ હેઠળ હતા. જો આ સમુદાયનું કોઈ પણ જૂથ બહાર જોવા મળતું તો તેની તપાસ વગર તેમની ગિરફતારી

કરવામા આવતી હતી. સ્વતંત્રતા બાદ ૧૯૫૨મા અપરાધી જનજાતિ અધિનિયમ નિરસ્ત કરવામા આવ્યો અને આ પરિવારોને વિમુક્ત પરિવારો તરીકે જાહેર કરવામાં આવ્યા. રાજ્ય સરકારોએ અપરાધી જનજાતિ સબંધિત છ શ્રેણીઓની નીચે પ્રમાણે તપાસ કરી.

આ કાનુન મુંબઈ પ્રેસિડેન્સીમા લાગુ કરાયો ત્યારબાદ ૧૮૯૭, ૧૯૧૧, ૧૯૨૩ અને ૧૯૨૪ દરમિયાન કાનૂનમાં સંશોધન કરી વધારે કઠોર બનાવી દેવામાં આવ્યો. આપણા રાષ્ટ્રનાયકોએ આ કાનૂનનો વિરોધ પણ કર્યો હતો. પરંતુ અંગ્રેજોએ કેટલાક જનવિરોધી કાનૂન બનાવી રાખ્યા હતા અને તે સમયે આઝાદીનું આંદોલન જ કેન્દ્રીય હતુ, તેથી આ કાનૂનને ધ્યાનમાં રાખીને આંદોલનની કોઇ સંભાવના જોવા મળી ન હતી.[1]

અંગ્રેજ શાસન દરમિયાન જ્યારથી વિચરતા અને વિમુક્ત સમુદાયના લોકોને અપરાધી જાહેર કર્યા ત્યારબાદ તેમની સ્થિતિ ધીમે-ધીમે બગડવા લાગી હતી. પછી તો અંગ્રેજ સરકારે તેમના પર કેટલાક અંકુશો પણ થોપી બેસાડ્યા હતા,[2 3] જેમકે તેમના રહેવા-ફરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. જ્યાં તેમના કાયમી કે બિનકાયમી વસવાટ હોય ત્યાંના પોલીસ થાણામાં અને નાનુ ગામ હોય ત્યાં પોલીસ પટેલ પાસે તેમણે દિવસમાં બે વાર હાજરી પુરાવવી પડતી હતી. જો તેમને પારિવારિક કારણથી બહારગામ જવાનું હોય તો પણ કયા ગામે, કોને ત્યાં જવાનું છે, કેટલા દિવસ રોકાવાનું છે, તેની વિગત પોલીસ થાણામાં કે પોલીસ પટેલને નોંધાવવી પડતી હતી. આઝાદી પહેલાં આ કહેવાતી ગુનેગાર જાતિનો જ્યાં પડાવ હોય ત્યાં આસપાસ કોઇ ગુનો બને તો તે સમયે આ પડાવ નાનાં-મોટાં બધાને ધોકાવવામાં આવતા. કેટલીકવાર ગુનો થયાનું જણાતું પણ હતું, પણ હંમેશાં નહીં.[4]

પંડિત જવાહરલાલ નહેરુએ વિરોધ કરતા કહ્યું હતું કે આ કાનૂન સ્વતંત્ર ભારત માટે કાલા ધબ્બા સમાન છે. [5] ત્યારબાદ સપ્ટેમ્બર ૧૯૪૯માં ભારત સરકાર દ્વારા શ્રી અનંથસ્યાનમ આયંગાર સમિતિ નીમવામાં આવી. આ સમિતિ દ્વારા દેશમાં અપરાધી જનજાતિઓનો વિસ્તૃત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. અને ૧૯૫૦માં તેમનો હેવાલ સરકારને સુપરત કરવામાં આવ્યો. આ હેવાલમાં 'ગુનાહિત' જાતિના કાયદાને નાબૂદ કરવા માટેની ભલામણ કરવામાં આવી હતી. ભારત સરકારે આયંગાર સમિતિની ભલામણનો સ્વીકાર કરી ૩૧ ઓગસ્ટ ૧૯૫૨થી ગુનાહિત કાયદાને નાબૂદ કર્યો.[6] આમ ભારત દેશની આઝાદી બાદ અપરાધી જનજાતિ કાનૂન આઝાદીના પાંચ વર્ષ અને સોળ દિવસ સુધી રહ્યો હતો.

**કાલેલકર સમિતિ:** પ્રથમ પછાત વર્ગ પંચની નિમણુંક ૨૯ જાન્યુઆરી ૧૯૫૩માં શ્રી કાકા કાલેલકરની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. આ અહેવાલમાં સૂચવ્યું હતું કે આ જાતિને ગુનાહિત કે ભૂતપૂર્વ ગુનાહિતના નામ સાથે જોડવી જોઈએ નહી, તેઓને વિમુક્ત સમુદાયો કહી શકાય. (વિમુક્ત એટલે કે બંધનમાંથી મુક્ત કરાયેલ, સ્વતંત્ર)[7]

## ૨) ભારતમાં વિમુક્ત જાતિની વસ્તી:

આજે વિશ્વમાં અંદાજીત ૮૦-૯૦ મિલિયન વિચરતા લોકો છે. (૨૦૧૧ વસ્તી ગણતરી મુજબ) વિચરતા અને વિમુક્ત સમુદાયના રાષ્ટ્રીય આયોગે ભારતમાં ૧૫૦૦ વિચરતા, અર્ધ-વિચરતા અને ૧૫૦ વિમુક્ત સમુદાયોની તપાસ કરી છે. દેશમાં અંદાજીત ૧૩.૫ કરોડની વસ્તી આ સમુદાયની જોવા મળે છે. વિચરતા અને વિમુક્ત પરિવારોનો સમાવેશ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગની સૂચિમાં સામેલ કરાયા, પરંતુ હજુ ૨૨૭ જનજાતિની ૫૬ લાખની વસ્તી આ સૂચિથી બહાર છે.[8] છેલ્લી જાતિ આધારિત વસ્તી ગણતરી ૧૯૩૧માં કરવામાં આવી હતી, તેમાં કેટલાક વિચરતા લોકોના નામ શોધવા માટે સંભવ હતું, ભારતીય સંવિધાનમાં પણ આ સમુદાયનો ઉલ્લેખ નથી. ભલે તેમનો સમાવેશ એસ.સી., એસ.ટી. અને ઓબીસીમાં થયેલ છે.[9] ભારતમાં તેમની વસ્તી ચોક્કસ કેટલી છે તેના કોઈ સચોટ પુરાવા તો હજુ

---

[1] યોજના, હિન્દી ૨૦૧૪ જાન્યુઆરી પે ૧૧,૧૨
[2] મિ, મુલાકાત
[3] Heredia, R. P 3
[4] આચાર્ય, અ. પે-૪-૫,
[5] યોજના, હિન્દી ૨૦૧૪ જાન્યુઆરી પે – ૧૩
[6] www.socialjustice.nic.in Govt India)
[7] National commission for De-notified, Nomadic Tribes, 2008 Govt india- vol 1)
[8] Umarani K.H. p-1
[9] Renke, B.K.

સુધી ઉપલબ્ધ થયા નથી, પરંતુ રેન્કે સમિતિ દ્વારા એક અભ્યાસ થકી વસ્તી કેટલી છે તેનો અંદાજ આ પ્રમાણે રજૂ કરવામાં આવેલ છે.

| કોષ્ટક ૧ રેન્કે સમિતિના અહેવાલ મૂજબ | | |
|---|---|---|
| **સમુદાય** | **વસ્તી** | **ટકા** |
| વિમુક્ત DNT | ૧૦૩૪,૦૫,૩૬, | ૧૩૨. |
| વિચરતી Nomadic | ૯૯૮૩,૪૪,૩૮, | ૯૧૨. |
| કુલ | ૧૦૦૧૮,૫૦,૭૪, | ૧૦૪૪. |
| સ્રોત Renke Commission :2008 | | |

ભારતમાં વિચરતી અને વિમુક્ત જાતિની વસ્તી નાગાલેન્ડ અને મણિપુરમાં જોવા મળતી નથી. જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ચંડીગઢ, ઉત્તરાખંડ, બિહાર, જારખંડ, ગોવા, પુડુચેરી, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, દાદરા નગર હવેલી વગેરે જેવા રાજ્યોમાં વિમુક્ત જાતિની વસ્તી જોવા મળતી નથી.

**૩) ઉદ્દેશ:**

i. વિમુક્ત સમુદાયની આર્થિક.સામાજિક પરિસ્થિતિ જાણવી-

**૪) સંશોધન પદ્ધતિ:** આ અભ્યાસ દ્વિતીય માહિતીના સ્રોતને આધારે તૈયાર કરવામાં આવેલ છે. જેમાં સરકારી દસ્તાવેજો, લેખો, સંશોધન પત્રો, તથા આ સમુદાયની સ્થિતિની સમજ આપતા પુસ્તકોનો અભ્યાસ કરીને આ હેવાલ તૈયાર કરવામાં આવેલ છે.

**૫) સાહિત્ય સમીક્ષા:**

❖ **Draft List of DNT,SNT,NT (૨૦૧૬):**

આ અભ્યાસમાં ભારત દેશના વિચરતા-વિમુક્ત સમુદાયની જાતિની સંખ્યા દરેક રાજ્યમાં કેટલી-કેટલી છે તે દર્શાવવામાં આવેલ છે. જેમાં તમિલનાડુમાં વિમુક્ત સમુદાયની સૌથી વધુ ૭૧ જાતિ જોવા મળે છે જયારે ઝારખંડ, કેરળ અને સિક્કિમમાં સૌથી ઓછી જાતિવાર સંખ્યા જોવા મળે છે. તેજરીતે કર્ણાટકમાં વિચરતા સમુદાયની સૌથી વધુ ૭૦ જાતિ જોવા મળે છે. જયારે ગોવા, મિઝોરમ, અંદમાન નિકોબાર, અરુણાચલ પ્રદેશ, સિક્કિમમાં સૌથી ઓછી જાતિ આધારિત સંખ્યા જોવા મળે છે. નાગાલેંડ,લક્ષદીપ જેવી જગ્યાએ વિચરતી જાતિની સંખ્યા જોવા મળતી નથી. અંદમાન નિકોબાર, અરુણાચલ પ્રદેશ, આસામ, ચંદીગઢ, દાદરા નગર હવેલી, દમણ અને દીવ, ગોવા, હિમાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીર, લક્ષદીપ, મણીપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેંડ, પુડુચેરી, ત્રિપુરા અને ઉત્તરાખંડ જેવા સ્થળોએ વિમુક્ત જાતિ જોવા મળતી નથી તેમ આ અભ્યાસને આધારે જાણી શકાય છે.

❖ **સિંહ, આર. (૨૦૧૭):**

દ વાયર ન્યુઝ ના એક રિપોર્ટ મુજબ જાણવા મળે છે કે વિચરતા-વિમુક્ત સમુદાયના લોકો ગામના સાર્વજનિક સ્થળે વસવાટ કરતા જોવા મળે છે. આ અભ્યાસના કેટલાક મંતવ્ય આ મુજબ છે કે હું એટલા માટે વોટ આપુ છુ કે મારું નામ વોટર લીસ્ટમાં છે એ જોઇને જ લોકોને કોલોની મળે છે, મને પણ મળશે. આ વાત કહી વોટ આપવા જતા રહ્યા.(મહાવત સમુદાયના મતદાતા) યુ.પી.ના ગૌડા જિલ્લામાં તેમનું મતદાન પત્ર ૨૦૦૫માં બન્યું, આ પત્રથી ન કે તેમનો સમાવેશ વસ્તી ગણતરીમા સમાવેશ થયો. આ વોટમા કુલ વોટમાંથી ૧૮ વોટ મહાવતોના છે. આ સમુદાય ખુલ્લા સ્થાનો, મેદાનો, બાગોમા રહીને પશુપાલન, નાચ-ગાના કરવા, જડીબુટ્ટીના વ્યાપાર, કુશ્તી અને લાઠી સીખવાડવા જેવા કામ કરી પોતાનું પેટ ભરે છે. અપરાધીના કાયદા દ્વારા આખા દેશના લગભગ ૨૦૦ જેટલા સમુદાયને અપરાધી ઘોષિત કર્યા હતા. દેશની આઝાદી

બાદ ૧૯૫૨મા આ સમુદાય પરનું કલંક હટાવવામાં આવ્યું ત્યારબાદ તેમને વિમુક્ત સમુદાય કહેવામા આવ્યા. હવે આ સમુદાય વસ્તી ગણતરીમાં પોતાના અધિકાર માંગતા થયા છે, એપ્રિલ ૨૦૧૪માં નરેન્દ્ર મોદી યુ.પી. આવ્યા હતા ત્યારે આ સમુદાય દ્વારા બંધારણ અધિકાર લેવા આવેદન આપ્યું તેમની સરકાર આવવાથી તેમણે ભીખુજી ઇદાતે સમિતિની અધ્યક્ષતામાં આ સમુદાય માટે એક બોર્ડ તૈયાર કરવામાં આવ્યું.

❖ **તીડ્કે, એ. (૨૦૧૪):**

આ સંશોધન આધારિત અભ્યાસ વિચરતા અને વિમુક્ત સમુદાયના માનવ વિકાસ ને ચકાસવા માટે ઔરંગાબાદના મરાઠવાડા વિસ્તારને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ છે. તેમાં જાણી શકાય છે કે ભારત દેશની આઝાદી મળી પરંતુ આ સમુદાયો પર હજૂ ધ્યાન આપવામાં આવી રહ્યુ નથી. આ સમુદાયોમાંથી કેટલાક લોકો ચોરી-લૂટફાટમાં પણ લાગી ગયા છે. આ અભ્યાસમા બંજારા, પારધી, રાજપૂતભામત, ધીસડી, ગોધલી, ગોપાલ, કોલ્હાટી, વાસુદેવ, ધનગર અને વંજારી જેવી જાતિઓનો અભ્યાસ કરેલ છે. વિશેષ વિમુક્ત, વિચરતી અને અર્ધ-વિચરતા સમુદાયના અર્થ પણ આપવામાં આવ્યા છે. (અ) વિમુક્ત- આ એવો સમુદાય છે જેને અંગ્રેજ શાસન દરમિયાન ૧૮૭૧મા અપરાધી જાહેર કરાયા હતા ત્યારબાદ આઝાદી બાદ ૧૯૫૨મા ભારત સરકારે તેમના પરથી અપરાધીનું કલંક હટાવ્યું તેથી તે વિમુક્ત કહેવાયા. (બ) વિચરતી- જેમની પાસે નિશ્ચિત ઘર નથી, તેથી તેઓ આજીવિકા માટે એક સ્થળેથી બીજા સ્થળે ચાલતા રહે છે. (ક) અર્ધવિચરતી- તેમની પાસે નિવાસ માટે ચોક્કસ સ્થાન છે તેથી તેઓ વર્ષમાં એકવાર કે મોસમી વ્યવસાયિક સ્થિત હોય ત્યારે. ઉદ્દેશો; વિમુક્ત અને વિચરતી જાતિની આર્થિક, સામાજિક અને શૈક્ષણિક સ્થિતનો અભ્યાસ કરવો, પ્રતિ વ્યક્તિ આવક અને ગરીબીનો વિમુક્ત અને વિચરતી જાતિનો અભ્યાસ કરવો, વિમુક્ત અને વિચરતી જાતિનું જીવન અને આવકમાં મહિલાઓનો હિસ્સો તપાસવો, આ સમુદાયોમાં આવક-ખર્ચનો અભ્યાસ. પ્રાથમિક અને ગૌણ માહિતી દ્વારા આ અભ્યાસ કરવામાં આવેલ છે. ૪૨ વિમુક્ત અને ૧૦ વિચરતા સમુદાય રહે છે ૪૦૦ પરિવારનો અભ્યાસ કરેલ છે, નિષ્કર્સ; આજે પણ આ સમુદાયમાં નિરક્ષરતા ખૂબ જોવા મળે છે, પસંદ કરેલ જાતિઓમાંથી પારધી ૬૭.૯૧ ટકા સૌથી વધુ નિરક્ષર છે, દસ્તાવેજોની કમી જોવા મળે છે, સ્વાસ્થ્યની આવશ્યક સુવિધા માટે ૪૪.૨૫ ટકા પરિવારે તેના અભાવની માહિતી આપી, કેન્દ્ર સરકારે તેમની પહેલી થી ચોથી પંચવર્ષીય યોજનામાં વિમુક્ત અને વિચરતી માટે લાભ માટે જોગવાઈ કરી જયારે ૧૧મી પંચવર્ષીય યોજનામાં ૨૦ કરોડની ફાળવણી કરી જમીન સ્તર પર ફક્ત ૧ રૂ., સૌંથી ઓછી પ્રતિ વ્યક્તિ આવક વિમુક્ત મરાઠવાડા વિસ્તારમાં વિચરતા સમુદાયના વંજારી સમુદાયને છોડીને વિમુક્ત અને વિચરતી જાતિમાં કોઈની પણ વાર્ષિક આવક ૧૭,૦૦૦ થી વધુ નથી, આ સમુદાયના લોકો અત્યારે પણ અંધશ્રધામાં માને છે, વર્તમાનમાં લગભગ ૪૬.૭૫ ટકા વિમુક્ત અને વિચરતા પરિવારોને પલાયન કરવું પડ્યું રોજગાર અને શ્રમની ખોજ માટે, આ સમુદાયમાં મહિલાઓનું યોગદાન મહત્વનું છે., સૂચનો; વિભિન્ન યોજનાઓ લાગુ પાડવા માટે મંત્રાલય જવાબદાર છે,

❖ **કન્નાબીરણ, K. ICSSR (2017):**

આ અભ્યાસ વિમુક્ત, વિચરતી અને અર્ધ-વિચરતા સમુદાયો પર આધારિત છે. અભ્યાસ થકી જાણી શકાય છે કે તેમને (૨૦૦૯) રાધાકૃષ્ણ કહે છે કે આ સમાજને અપરાધી ઘોષિત કરવાનું કારણ રાજનીતિક અને વૈચારિક પણ હતું. આ સમુદાયના લોકો આખા ભારતમાં ફેલાયેલા જોવા મળે છે તેમનો સમાવેશ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગમાં હાલ પુરતો કર્યો છે. ભારતની પંચવર્ષીય યોજનાઓમાં પણ આ સમુદાયો પર ખૂબ જ ઓછું ધ્યાન દોરવામાં આવ્યું છે. આ અભ્યાસના મુખ્ય હેતુઓ તરીકે વિમુક્ત, વિચરતી અને અર્ધ-વિચરતા સમુદાયોની સામાજિક, આર્થિક અને તેમની શૈક્ષણિક સ્થિતિ વિશે જાણવું. ગુજરાતમાં આ અભ્યાસ માટે અમદાવાદ, લુણાવાડા, સાબરકાંઠા, છોટાઉદેપુર, ભિલોડા, દાહોદ, મહેસાણા, ભાવનગર, દ્વારકા, વડોદરા, જામનગર, જૂનાગઢ, ગોધરા, કચ્છ, ભરૂચ વગેરે જિલ્લાઓમાં અભ્યાસ કરેલ છે. ગુજરાતના અભ્યાસમા સંધી, ચુવાળીયા કોળી, વાઘેર, કોળી, ડફેર, મિયાણા, છારા, સાલ્ટઘેરા, તૂરી, વણજારા વગેરે જાતિનો અભ્યાસમાં સમાવેશ છે. તૂરી જાતિનો અ.જા.માં સમાવેશ જયારે છારા જાતિનો અ.જ.જા.માં સમાવેશ છે, ચુવાળીયા કોળી, ડફેર, કોળી, મિયાણા, સાલ્ટઘેરા, સંઘિ, વાઘેર, વણજારાનો અ.પ.વ.માં સમાવેશ થયેલ જોવા મળે છે. આ સમુદાયના લોકો હજૂ પણ કેટલાક ભેદભાવથી પણ પીડાતા જોવા મળે છે. વ્યવસાય,

પૂર, ભૂકંપ, નવા મકાન, સરકારી આવાસ વગેરેને લીધે તેઓ સ્થળાંતર કરે છે. તારણો: સામાજિક, રાજનીતિક અને આર્થિક ગતિશીલતા વધારવા માટે તેમનામાં શિક્ષણ હોવુ અત્યંત જરૂરી છે. વ્યવસાય માટે સ્થળાંતર કરનારનું પ્રમાણ વધુ, ભેદભાવનો પણ તેઓ સામનો કરે છે. સૂચનો:- તેમના વિકાસ માટે ચોક્કસ યોજના જરૂરી, તેમને શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા કરવી, જરૂરી દસ્તાવેજો મળવા જોઈએ જેથી સરકારી યોજનાઓનો લાભ લઇ શકે, પરંપરાગત વ્યવસાય માટે તેમને સહાય મળવી જોઈએ.

### ૬) **ભારતમાં વિમુક્ત જાતિની સ્થિતિ:**

ભારતમાં વિકાસની પ્રક્રિયા એકીસાથે કે એક સરખા પ્રમાણમાં અને સર્વવ્યાપી થઈ નથી અને તેને કારણે આજે પણ પહાડી પ્રદેશમાં અનેક જાતિ પરિભ્રમણશીલ જીવન વિતાવે છે. આ સમુદાયો એવા છે કે જેમને ગામમા ઘર નથી, સીમમાં ખેતર નથી, જેમને ક્યાંય કાયમી નોકરી ધંધો નથી કે નથી મળતી કાયમી રોજી, તેવા આ સમુદાયો રોજી-રોટી માટે એક ગામથી બીજે ગામ રોજી માટે ફરતા હોય છે. આ સમુદાયોમાથી કેટલાક સમુદાયનો માત્ર પુરુષવર્ગ જ પરિભ્રમણ કરે છે. જયારે કેટલાક સમુદાયના લોકો કુટુંબકબીલા સાથે પરિભ્રમણ કરતા હોય છે. આવા સમુદાય પણ ચોમાસાના સમય દરમિયાન તો કોઈ એક જ ગામમાં નિયત સ્થળે રહેતા હોય છે. ચોમાસું પૂરું થતાં તેઓ ફરીવાર કામ માટે જાય છે.[10]

- **આર્થિક સ્થિતિ:**

વિચરતા અને વિમુક્ત સમુદાયના મોટા ભાગના પરિવારો સાપના ખેલ, નૃત્ય, પશુપાલન, વણાટકામ, લુહારકામ, તાંત્રિક પદ્ધતિ, ગાયક, કઠપૂતળીના ખેલ, હસ્તકલા, અભિનય, બંદરના ખેલ, હર્બલ દવા બનાવવી, ભીક્ષા વૃતિ, શિકાર કરવો, પ્લાસ્ટીકની વસ્તુ બનાવવી, રીક્ષા ચલાવવી જેવા કામો સાથે સંકળાયેલા હતા. આ પરિવારો જ્યાં-જ્યાં વસવાટ માટે જતા ત્યા તેઓ પોતાના પારંપરિક વ્યવસાયોને સાથે જાળવતા જોવા મળે છે. અનાજ, નમક તથા અન્ય વસ્તુઓને વિભિન્ન સ્થાનો સુધી પહોચાડવાનું કામ વિચરતા અને વિમુક્ત પરિવારના લોકો કરતા અને તે કામોને આધારે પોતાનું ગુજરાન ચલાવતા હતા. પરંતુ ટેક્નોલોજીના કારણે આ પરિવારો પોતાના પારંપરિક કામોથી વંચિત થતા જોવા મળી રહ્યા છે. આ પરિવારો કઠીન સામાજિક-આર્થિક પરિસ્થિતિને કારણે જરૂરી કૌશલ્યોથી વંચિત રહ્યા છે અને તેને લીધે આજે અન્ય રોજગારમાં તેઓ અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. તેઓ મજૂરી કામ સાથે જોડાયેલા જોવા મળે છે.[11]

એક અભ્યાસ દ્વારા જાણી શકાય છે કે ૧૬.૫ ટકા પરિવારો જ પરંપરાગત વ્યવસાય કરતા જોવા મળે છે. જયારે ગુજરાત, મધ્યપ્રદેશ અને તમિલનાડું જેવા રાજ્યોમા હજૂ પણ કેટલાક સમુદાયો પરંપરાગત વ્યવસાય સાથે સંકળયેલા છે. જેમાં ગુજરાતમાં ડફેર ૮૦.૩ ટકા, વણજારા ૪૩.૯ ટકા અને સાલ્ટઘેરા ૩૦.૬ ટકા પરિવાર પરંપરાગત વ્યવસાય સાથે જોડાયેલ છે. આ સમુદાયના લોકો ઋતુઆધારિત વ્યવસાય પણ કરે છે તથા વ્યવસાય માટે સ્થળાંતર કરી એક ગામથી બીજે ગામ અથવા ગામથી શહેર તરફ પણ જાય છે.[12]

- **સામાજિક સ્થિતિ:**

દેવી (૨૦૦૬) કહે છે કે નિરક્ષર હોવાને કારણે વિમુક્ત પરિવારો પોલીસ પ્રક્રિયાથી ઓછું જાણે છે. મેં એવા ઘણાં લોકો જોયા છે, જે ચોરીના આરોપમાં ગિરફતાર થવાના ડરથી નવા કપડાં પહેરવાથી ડરે છે. તેથી તેઓ નવા કપડાં પહેરતા પેલાં તે માટીવાળા કરે છે ત્યારબાદ પહેરે છે. આજીવિકાના સાધનથી વંચિત બધા નાગરિક ગામ-ગામ સુધી પોલીસ ઉત્પીડનના ડરથી ત્રસ્ત છે.[13]

[10] □□□□□□, □. □□-□)
[11] Japhet, S.
[12] *Kannabiran, K.*
[13] *Umrani, K.H.*

બેરોજગારી, ગરીબી અને અંધવિશ્વાસ તરફ ધકેલાયેલા આ સમુદાયનો વસવાટ ગામમાં છેવાડે અને શહેરમાં રસ્તાઓ પર છે તેથી રેકોર્ડમાં પણ તેમનો સમાવેશ થયેલો જોવા મળતો નથી. આ પરિવારોના કૌશલ્યની માંગ થતી નથી.[14] આ સમુદાયના લોકો ભેદભાવ અને સામાજિક બહિષ્કારનો પણ સામનો કરે છે. આ ઉપરાંત સરકારી લાભો મેળવી શકે તે માટે જરૂરી દસ્તાવેજો જેવા કે જાતિપ્રમાણ, જોબકાર્ડ, રાશનકાર્ડ, ચુંટણી કાર્ડ વગેરેથી વંચિત છે. તેથી સરકારી લાભો પણ તેઓ મેળવી શકતા નથી.[15]

□દ વાયર ન્યુઝ ના એક રિપોર્ટ મુજબ જાણવા મળે છે કે વિચરતા-વિમુક્ત સમુદાયના લોકો ગામના સાર્વજનિક સ્થળે વસવાટ કરતા જોવા મળે છે. આ સમુદાયનુ એક મંતવ્ય હું એટલા માટે વોટ આપુ છુ કે મારું નામ વોટર લીસ્ટમાં છે એ જોઇને જ લોકોને કોલોની મળે છે, મને પણ મળશે. આ વાત કહી વોટ આપવા જતા રહ્યા.(મહાવત સમુદાયના મતદાતા) આ સ્થિતિને જોઇને આપણે તેમની સામાજિક સ્થિતિ શું હશે તે વિશે અનુમાન લગાવી શકીએ છીએ. આ પત્રથી ન કે તેમનો સમાવેશ વસ્તી ગણતરીમા સમાવેશ થયો.[16]

- **શૈક્ષણિક સ્થિતિ:**

શિક્ષણ એ વિકાસ માટે ખૂબ જરૂરી છે, કોઇ પણ સમુદાયને સશક્ત કરવા માટે પહેલા તેને શિક્ષણ આપવું જરૂરી છે. પરંતુ આ સમુદાયમાં નિરક્ષરતાનું પ્રમાણ ખૂબ છે. તેઓ બાળકોને નાની વયે આવક કમાવવાની પ્રવૃતિઓ સાથે જોડી દેતા હોય છે, તેને કારણથી તેઓ શાળાએ જતા નથી અને અશિક્ષાનો શિકાર બની રહ્યા છે. જે પરિવારો એક સ્થળે સ્થાઇ થઇ ગયા છે અને સક્ષમ છે તેઓ પોતાના બાળકોને શાળાએ મોકલતા થયા છે. પરંતુ હજુ કેટલાય પરિવારના બાળકો હજૂ પણ ભટકતા જોવા મળે છે.[17] ICSSR દ્વારા ગુજરાત, ગોવા, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, આંધ્રપ્રદેશ, તેલંગાના, કર્ણાટક, તમિલનાડુ, પુડુંચેરી જેવા વિસ્તારોને કેન્દ્રમાં રાખીને એક હેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. તેમાં સ્પષ્ટ પણે જાણી શકાયું છે કે, ફક્ત ૪૨ ટકા વિમુક્ત અને ૨૮ ટકા વિચરતા સમુદાયના બાળકો શાળામા પ્રવેશ મેળવે છે. ૫૮ ટકા વિમુક્ત અને ૭૨ ટકા વિચરતા પરિવારના બાળકો શાળાએ જતા નથી.[18]

આર્થિક રીતે પણ તેઓ સધ્ધરતા મેળવવા માટે સંસાધનો, વિકાસ કાર્યક્રમોનો લાભ, ઔપચારિક નાણાંકીય સંસ્થાઓ અને સરકારના આર્થિક વિકાસ તથા ઉધોગસાહસિક કાર્યક્રમોનો લાભ લેવા માટે પ્રયાસ કરતા જોવા મળે છે.[19] સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સ્થિતિ પર એક અભ્યાસથી જાણવા મળે છે કે આ જાતિઓ પહેલા ગુનાહિત તરીકે જાણીતી બની ત્યારબાદ ગરીબી, નિરક્ષરતા, બેરોજગારી અને સ્વાસ્થ્યની સમસ્યાથી ખૂબ ત્રાસેલ છે.[20]

**તારણો:**

- વિમુક્ત સમુદાયની સ્થિતિ ખૂબ કફોડી છેપરંતુ .તેઓ પરંપરાગત વ્યવસાય કરીને ગુજરાન ચલાવતા હતા , .અત્યારના સમયમાં એમના પરંપરાગત વ્યવસાય લુપ્ત થતા જણાય છે
- કેટલાક વિસ્તારોમાં હજૂ પણ આ સમુદાયના લોકો પરંપરાગત વ્યવસાય સાથે સંકળાયેલા જોવા મળે છે .
- આવકનું પ્રમાણ ઓછું હોવાને કારણે તેઓ ગરીબીમાં પોતાનું જીવન પસાર કરી રહ્યા છે .
- આ સમુદાય પાસે પોતાની ઓળખના પણ કોઈ પુરાવા નથી .
- પહેલાના સમયે તેઓ મનોરંજન કરાવીને પોતાનું ગુજરાન ચલાવતા હતાહવે મનોરંજનના સાધનો આવવાથી . .તેમના વ્યવસાયો પડી ભાંગ્યા છે
- તેઓ હજૂ પણ કેટલાક ભેદભાવનો સામનો કરી રહ્યા છે .

[14] Madane, U.
[15] korra, V.
[16] Singh, R.
[17] (Dwigantkar, 2005) 07)
[18] ICSSR
[19] National commission for De-notified, Nomadic Tribes, 2008 Govt india- vol 1) p 66 )
[20] Korra-2017, □□ 8)

- આ સમુદાયો રસ્તામાંએક સ્થળેથી બીજા સ્થળે સતત વિચરતા રહે ,ફૂટપાથ પર વસવાટ કરતા જોવા મળે છે , .છે
- તેમનામાં શિક્ષણનું પ્રમાણ ખૂબ ઓછું જોવા મળે છે .તેથી તેઓ નીચા દરના વ્યવસાય સાથે સંકળાયેલા છે.

## ઉપસંહાર:

ભારતમાં વિમુક્ત સમુદાયની સ્થિતિ જોતા એવું સ્પષ્ટપણે જાણી શકાય છે કે આ સમુદાય સામાજિક, આર્થિક, શૈક્ષણિક રીતે ખૂબ દયનીય સ્થિતિમાં જોવા મળે છે. પહેલાના સમયમાં આ પરિવારો પરંપરાગત વ્યવસાય કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. અંગ્રેજ સાશન દરમિયાન તેમને અપરાધી જાહેર કર્યા બાદ તેઓની સ્થિતિ વધારે બગડી છે. અત્યારના સમયમાં ભારતમાં દરેક જગ્યાએ આ સમુદાયની વસ્તી જોવા મળે છે. પરંતુ શૈક્ષણિક સ્થિતિ દયનીય હોવાથી તેઓ સરકારી લાભોનો લાભ લઇ શકતા નથી. તેથી તેઓ વિકાસની રેખાથી સંપૂર્ણ બહાર છે.

## સંદર્ભ સૂચિ


- પટેલ, મિ. (૨૦૧૯). વિચરતા સમુદાય સમર્થન મંચના અધ્યક્ષ સાથે મુલાકાત. રામદેવનગર- અમદાવાદ.
- Gupta, A. (2014). An Intese Blind spot of Gender and Health in India Three Times the size of Nordic Countries: Health and Reproductive Health Concerns of Denotified and Nomadic Tribes women and girls. India Stream research journals.
- Metry, K.M. (2016). Nomadic, Semi- Nomadic and Denotified Tribes: educated Attainments and challenges. ICSSR project report. New Delhi.
- Metry, K.M. (2008). Karnataka Nomadic Community studies. Kanada Pustaka Pradhikara. vol-1-15. Bangalore.
- Renke, B.S. (2008). National Commission for Denotified, Nomadic and Semi-Nomadic Tribes. Ministry of Social Justice & Empowerment Government of India. Vol-1.
- Malhotara, K.C. (1978). Morhological Composition of the People of India. vol-7. p 45-63.
- Mountain, JL. and Hebert, JM. (1995). Demographic History of India and DNA – Sequence Diversity.
- http://www.igvdb.res.in/references.php 02/07/2021
- https://niti.gov.in/planningcommission.gov.in
- https://www.**hindustantimes**.com2018
- Chanabasappa, B.S. (2000). Caste System. Shodhgang.Inflibnet.ac.in
- NCSC, (n.d). (2018). Economics Development of Scheduled Caste. National commission for Scheduled caste .
- NCRB, (2017) Crimes in India. Ministry of Home Affairs. Government of India.
- Sivakumar, B. (2013). Half of India's Dallit Population lives in 4 states. The Times of India. Chennai.
- ISDN, Copenhagen K. (2013) Denmark: International Dalit Solidarity Network. Official Dalit Population. Government of India.
- Census Report, (2011). Primary Census Abstarct. Census Commissioner, Government of India.